بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر شمار/Ref ____________ تاریخ/Date ____________

# તવક્કુલ અલલ્લાહના સંદર્ભે
# હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું પાકીઝા ઉદાહરણ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 02 ઓક્ટોબર 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝે એ ફરમાવ્યું: હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામના જીવનના પ્રારંભિક સમયથી જ અલ્લાહ તઆલાના ફઝલ, આપ (અ) સાથે તેનો વ્યવહાર અને અલ્લાહ તઆલા પર જે આપ (અ) નો તવક્કુલ હતો તેનો ઉલ્લેખ કરતાં હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવે છે કે ત્રીસ વર્ષ પહેલાં મારા પિતાશ્રી પોતાના અંતિમ સમયમાં બીમાર પડ્યા. એ બીમારીમાં જ તેમનું અવસાન નિર્ધારિત હતું. એ દિવસે બપોરના સમયે મને આ ઈલ્હામ થયો: **وَالسَّمَآءِ وَالطَّارِقِ** જેનો અર્થ છે: 'કસમ છે આકાશની અને તે ઘટનાની, જે સૂર્યાસ્તના સમયે પ્રગટ થશે' સાથે જ મારા હૃદયમાં નાખવામાં આવ્યું કે આ ઈલ્હામ મારા પિતાશ્રીના અવસાન તરફ સંકેત કરે છે. વાસ્તવમાં આ અલ્લાહ તઆલા તરફથી એક પ્રકારની પૂર્વચેતવણી હતી.

હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવે છે કે જ્યારે મને સમાચાર આપવામાં આવ્યા ત્યારે મને થોડું દુઃખ થયું. તેમને જીવનકાળ દરમિયાન સરકાર તરફથી કેટલાક અધિકારો પ્રાપ્ત હતા. તેથી મારા મનમાં એવો ભય ઉત્પન્ન થયો કે હવે આપણા પર મુશ્કેલી અને તંગીના દિવસો આવશે. તે જ સમયે, અર્ધનિદ્રાની સ્થિતિમાં મને આ ઈલ્હામ થયો: **اَلَيْسَ اللّٰهُ بِكَافٍ عَبْدَهٗ** અર્થાત્: 'શું અલ્લાહ પોતાના બંદા માટે પૂરતો નથી?' આ ઈલ્હામે ઇલાહીના કારણે મારું હૃદય મજબૂત બની ગયું. જાણે કોઈ પીડાદાયક ઘા પર મલમ લગાવવામાં આવે અને તેનાથી ઘાને રાહત મળી જાય. આ અમલ વારંવાર અનુભવાયું કે અલ્લાહની વહીમાં હૃદયને આશ્વાસન અને શાંતિ આપવાની એક વિશેષ શક્તિ હોય છે. એટલે આપ (અ) ને પૂરો વિશ્વાસ હતો કે અલ્લાહ મારા માટે પૂરતો છે અને હવે કોઈ બાબતની ચિંતા કરવાની જરૂર નથી.

આપ (અ) એ ફરમાવ્યું કે જ્યારે મને આ ઈલ્હામ થયો ત્યારે મેં તરત જ સમજી લીધું કે ખુદા મને ક્યારેય બરબાદ થવા દેશે નહીં. ત્યારે મેં કાદિયાનના રહેવાસી એક હિંદુ ખત્રી, મલ્લાવામલને આ ઈલ્હામ લખીને આપ્યો અને તેને આખો પ્રસંગ પણ સંભળાવ્યો. અને તરત જ અમૃતસર મોકલ્યો, જેથી મુહમ્મદ શરીફ સાહિબ કલાનૌરીની મારફતે કોઈ કિંમતી પથ્થર પર આ ઈલ્હામ કોતરાવીને તેની મહોરવાળી વીંટી બનાવડાવવાની વ્યવસ્થા કરે અને મેં તે હિંદુને આ સમગ્ર ઘટનાનો સાક્ષી બનાવ્યો અને મૌલવી મુહમ્મદ શરીફ સાહિબ પણ સાક્ષી બની જાય. મોલ્વી સાહેબની મારફતે તે વીંટી પાંચ રૂપિયાની કિંમતમાં તૈયાર થઈને મારી પાસે આવી પહોંચી. અને આજ સુધી મારી પાસે મોજૂદ છે. હુઝૂર અનવરે ફરમાવ્યું કે અલ્લાહના ફઝલથી તે વીંટી આજ સુધી મારી પાસે જળવાઈ રહી છે.

હુઝૂરે ફરમાવ્યું કે આપ (અ)ના અલ્લાહ પરના તવક્કુલ અને સત્ય પર અડગ રહેવાના ગુણથી વિરોધીઓ પણ કાયલ થયા વિના રહી શક્યા નહોતા. મલિક સલાહુદ્દીન સાહિબ વર્ણવે છે કે એક સભામાં એક વ્યક્તિએ હઝરત સાહિબની વિરુદ્ધ બોલવાનું શરૂ કર્યું. ત્યારે મૌલવી ફઝલુદ્દીન સાહિબ, જેઓ બિનઅહમદી વકીલ હતા અને એક હત્યાના પ્રયાસના કેસમાં હુઝૂર (અ)ના વકીલ પણ હતા, તેમણે અત્યંત ઉત્સાહપૂર્વક કહ્યું: હું મિર્ઝા સાહિબની મહાન વ્યક્તિગતતા અને ઉત્તમ નૈતિક ગુણોનો કાયલ છું. મેં મોટા મોટા નેક અને ધાર્મિક લોકોને જોયા છે કે કાયદાકીય સલાહ મળ્યા પછી તેમણે પોતાનું નિવેદન બદલી નાખ્યું; પરંતુ મિર્ઝા સાહિબને મેં એવા જોયા કે જેઓ સત્યના સ્થાનેથી એક ડગલું પણ પાછળ હટ્યા નહીં. માર્ટિન ક્લાર્કના કેસમાં મેં એક કાયદાકીય નિવેદન તૈયાર કરવાની સલાહ આપી હતી. મેં કહ્યું હતું કે આરોપીનું નિવેદન શપથપૂર્વકનું નિવેદન હોતું નથી. પરંતુ મિર્ઝા સાહિબે તે નિવેદન વાંચીને તરત કહ્યું: આમાં તો જૂઠું છે. ખુદા તઆલાએ તો પરવાનગી આપી નથી કે આરોપી જૂઠું બોલે.' મેં કહ્યું કે તમે શા માટે જાણી જોઈને પોતાને મુશ્કેલીમાં નાખો છો? પરંતુ હઝરત મસીહ મૌઉદ (અ) એ ફરમાવ્યું: 'શું હું આવું કાયદાકીય નિવેદન આપીને કોઈ દુન્યવી લાભ મેળવવા માટે મારા ખુદાને નારાજ કરી દઉં? આ તો કોઈ રીતે શક્ય નથી, ભલે પછી જે કંઈ થાય તે થાય.' તેઓ કહે છે કે આપ (અ) એ ફરમાવ્યું: 'મને ક્યારેય એવો વિચાર પણ આવ્યો નથી કે તમારી વકીલાતથી મને કોઈ લાભ મળશે. મારો ભરોસો તો ખુદા પર છે, જે મારા હૃદયને જુએ છે અને જેના પર હું સંપૂર્ણ તવક્કુલ રાખું છું.' આપ (અ) એ ફરમાવ્યું: 'મારું પોતાનું નિવેદન તમારા આ કાયદાકીય નિવેદન કરતાં વધુ અસરકારક રહેશે. ભલે મને સજા થઈ જાય, તોપણ મને આનંદ રહેશે કે મેં ખુદાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી.' અને આશ્ચર્યની વાત એ છે કે અંતે આપ (અ) નિર્દોષ પણ જાહેર થયા. ફરમાવે છે કે વકીલાત તો એક દુન્યવી બાબત છે, પરંતુ વાસ્તવિક તવક્કુલ તો અલ્લાહ તઆલા પર જ હોવો જોઈએ. એક બિન-અહમદી પણ તવક્કુલ અને સત્યનિષ્ઠાથી પ્રભાવિત થયા વિના રહી શક્યા નહીં.

હુઝૂર અનવરે ફરમાવ્યું કે હઝરત મુફ્તી મુહમ્મદ સાદિક સાહિબ વર્ણવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ) એ ફરમાવ્યું: આજકાલના લોકોની દૃષ્ટિએ સભ્યતા અને સંસ્કૃતિ એ છે કે દુનિયાના મોહમાં એટલા ડૂબી જાઓ કે ખુદાને ભૂલી જાઓ અને દુન્યવી સાધનો તથા ઉપાયો પર જ ભરોસો રાખવા લાગો. પરંતુ ખુદા તઆલાની દૃષ્ટિએ સાચી સભ્યતા એ છે કે મનુષ્યને અલ્લાહ તઆલા પર સંપૂર્ણ ભરોસો પ્રાપ્ત થાય અને તેના હૃદયને સાચી પવિત્રતા પ્રાપ્ત થાય."

એક સભામાં કેટલીક બીમારીઓનો ઉલ્લેખ હતો. હુઝૂર (અ) એ ફરમાવ્યું: મારો ધર્મ બીમારીઓમાં દુઆ દ્વારા શિફા મળવા અંગે એવો છે કે મારા હૃદયમાં જેટલો ઊંડો છે, તેટલો હું વ્યક્ત કરી શકતો નથી. ડૉક્ટર પોતાની એક મર્યાદા સુધી જાય છે અને પછી તે નિરાશ થઈ જાય છે. હુઝૂર અનવર ફરમાવે છે કે આજે પણ ઘણા લોકો પત્રો લખે છે કે ડૉક્ટરે જવાબ આપી દીધો છે અને હવે કોઈ આશા નથી. પરંતુ ત્યારબાદ ખુદા દુઆના માધ્યમથી નવી રાહ ખોલી

આપે છે. મનુષ્યોએ જ્યાં પોતાની મર્યાદા નક્કી કરી હોય, ત્યાંથી આગળ વધીને આશાની નવી કિરણ દેખાય છે અને આ રીતે અલ્લાહ તઆલાની ઓળખ અને તેની કદર તથા મહાનતાનો અનુભવ થવા લાગે છે.

આપ (અ) ફરમાવે છે: અમારો ધર્મ તો એ જ છે કે જો દુનિયાના તમામ ડૉક્ટરો નિરાશ થઈ જાય અને મૃત્યુનો નિર્ણય પણ આપી દે, તોપણ જ્યારે સંપૂર્ણ તવજ્જો કરવામાં આવે અને સાચા હૃદયથી દુઆ કરવામાં આવે, તો દુઆ કબૂલ થઈ જાય છે અને શિફા પ્રાપ્ત થઈ જાય છે.

હુઝૂર અનવર ફરમાવે છે કે હઝરત મૌલવી અબ્દુલ કરીમ સાહિબ સિયાલકોટીની બીમારીના હવાલાથી શેખ યાકૂબ અલી ઇરફાની સાહિબ, હઝરત મસીહ મૌઉદ (અ) ના તવક્કુલની અદભુત શાનનું વર્ણન કરે છે:

મૌલવી સાહિબની બીમારી દરમિયાન હઝરત સાહિબે પોતાની અપરંપાર મુહબ્બત, ત્યાગ અને નિઃસ્વાર્થ સેવાનું તેમજ અલ્લાહ તઆલા પરના સંપૂર્ણ તવક્કુલ અને ભરોસાનું એવું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું, જે કોઈ પણ અંતર્દૃષ્ટિ ધરાવતા વ્યક્તિ માટે હઝરત મસીહ મૌઉદ (અ) અલ્લાહ તરફથી નિમણૂક પામેલા હોવાના અને અલ્લાહ તઆલા સાથે તેમના સાચા સંબંધના પૂરતા પુરાવા સમાન છે. વળી, જો કોઈ વ્યક્તિ આજે ઉમ્મતમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના આદર્શનું જીવંત ઉદાહરણ જોવા ઇચ્છે, તો હઝરત મસીહ મૌઉદ (અ) સિવાય આજના જગતમાં બીજું કોઈ ઉદાહરણ મળતું નથી.

હઝરત મસીહ મૌઉદ (અ) અંતિમ ક્ષણ સુધી દુઆ કરતા રહ્યા. પરંતુ જ્યારે નિર્ધારિત ઘડી આવી પહોંચી, ત્યારે તેઓ અલ્લાહની મરજી પર સંપૂર્ણપણે રાજી થઈ ગયા.

આપ (અ) ફરમાવે છે: તવક્કુલનો સાચો અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ જે સાધનો અને ઉપાયો નિર્ધારિત કર્યા છે, તેમને પોતાની સંપૂર્ણ ક્ષમતા મુજબ એકત્ર કરો અને ત્યારબાદ પોતે દુઆમાં લાગી જાઓ કે, 'હે અલ્લાહ! હવે તું જ આ કાર્યનું પરિણામ સારું કર.' અસંખ્ય આફતો અને મુશ્કેલીઓ એવી હોય છે કે જે આ સાધનો અને ઉપાયોનું પણ આખું સ્વરૂપ બદલી શકે છે. તેથી અમને તેમની પકડ અને નુકસાનથી બચાવીને અમારી મંઝિલ સુધી પહોંચાડ.

હુઝૂર અનવર ફરમાવે છે કે હઝરત સૈયદ ઝૈનુલ આબિદીન શાહ સાહિબ વર્ણવે છે: "જ્યારે પણ વિસ્તારમાં પ્લેગનો રોગચાળો ફેલાતો, ત્યારે આપ (અ) પોતાના ઘરની સફાઈ કરાવવાનો આદેશ આપતા. બોર્ડિંગ હાઉસની પણ સફાઈ કરાવતા અને તમામ અનુયાયીઓને પોતાના ઘરોમાં ફિનાઇલનો ઉપયોગ કરવા તથા ધૂપ આપવાનો આદેશ આપતા. આપ (અ) એ ફરમાવ્યું કે સાધનો અને ઉપાયોનો ઉપયોગ કરવો એ પણ અલ્લાહ તઆલાની ને'મતનો આભાર માનવાનો એક માર્ગ છે, જ્યારે સાધનોનો સંપૂર્ણ ત્યાગ કરવો એ ઇલાહી શરીઅતની વિરુદ્ધ છે. પછી તવક્કુલનો દરજ્જો આવે છે. સાચી ઓળખ અને સમજ તો એ છે કે સાધનોની પાછળ ખુદા તઆલાનો હાથ હોવાનું જોવામાં આવે.

હુઝૂર ફરમાવે છે: ખુદાના નિકટના બંદાઓના તવક્કુલની પણ એક અદભુત શાન હોય છે. એક તરફ તેઓ સાધનો એટલી સારી રીતે ઉપયોગ કરે છે કે દુન્યવી દૃષ્ટિ ધરાવનાર વ્યક્તિને એવું લાગવા માંડે કે કદાચ તેમનો સંપૂર્ણ ભરોસો માત્ર સાધનો પર જ છે. પરંતુ બીજી તરફ, ક્યારેક તેઓ એવા સમયે સાધનોનો ત્યાગ કરે છે કે જાણે તેમને તેની કોઈ જરૂર જ નથી. તવક્કુલની આ વિશેષ શાન પણ હઝરત અકદસ મસીહ મૌઉદ (અ)ની સીરતમાં આપણને સ્પષ્ટ જોવા મળે છે. હુઝૂર અનવર ફરમાવે છે કે હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ) વર્ણવે છે: હઝરત મસીહ મૌઉદ (અ) ના વિસાલના બે-ત્રણ વર્ષ પહેલાં જ્યારે હઝરત મસીહ મૌઉદ (અ) ને ખૂબ જ ગંભીર પ્રકારની ઉધરસ થઈ હતી. તે સમયે મારી ઉંમર લગભગ ૧૭ વર્ષની હતી અને આપને દવા આપવાની જવાબદારી મારા ઉપર હતી. હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ (રઝિ) ના લખેલા નુસ્ખાઓ પણ ઉપયોગમાં લેવાતા હતા અને બીજા નુસ્ખાઓ પણ, પરંતુ ઉધરસ સતત

વધતી જતી હતી. આ ઘટના 1907ની છે. અબ્દુલ હકીમ મુર્તદે આપ (અ) ની ઉધરસની તકલીફ વિશે વાંચીને લખ્યું હતું કે આપ (અ) નાઉઝુબિલ્લાહ—ક્ષયરોગથી પીડિત થઈને મૃત્યુ પામશે. તેથી હું ખૂબ સાવધ રહેતો હતો કે ક્યાંક તેમને ખોટી રીતે આનંદિત થવાનું કોઈ કારણ ન મળી જાય. કેટલીક વખત તેમને એટલો લાંબો અને ગંભીર ઉધરસનો હુમલો આવતો કે એવું લાગતું જાણે હવે શ્વાસ જ બંધ થઈ જશે. એવી જ સ્થિતિમાં એક મિત્ર બહારથી આવ્યા અને ભેટરૂપે ફળ લઈને આવ્યા. મેં તે ફળ આપ (અ) ની સામે મૂકીને કહ્યું કે, આપના માટે લાવ્યા છે. આપે ફળ જોયાં અને ફરમાવ્યું, તેમને ‘જઝાકલ્લાહ’ કહો. ત્યારબાદ આપે તેમાંનું એક કેળું ઉપાડ્યું. કદાચ મને પાઠ ભણાવવાના હેતુથી આપે પૂછ્યું, ઉધરસમાં આ કેવું હોય છે? મેં જવાબ આપ્યો, આ સારું નથી હોતું. આ સાંભળીને આપ (અ) સ્મિત કરવા લાગ્યા અને કેળું છોલીને ખાવાનું શરૂ કર્યું. મેં કહ્યું, ઉધરસ ખૂબ જ ગંભીર છે અને આવી સ્થિતિમાં આ ખાવું યોગ્ય નથી. તેઓ સ્મિત કરતાં રહ્યા અને કેળું છોલીને ખાતા રહ્યા. મેં મારી અજ્ઞાનતાને કારણે ફરી આગ્રહ કર્યો કે, આપે આ ન ખાવું જોઈએ. ફરમાવ્યું: મને હમણાં જ ઈલ્હામ થયો છે: ‘ઉધરસ દૂર થઈ ગઈ.’ આવું ફરમાવ્યા પછી કોઈ દવા લીધા વિના જ તેમની ઉધરસ દૂર થઈ ગઈ. આ માત્ર નુસરતે ઇલાહીથી થયું હતું. તે ક્ષણથી જ તેમની ઉધરસ જતી રહી. તે સમયે તેમણે ન તો કોઈ દવા લીધી હતી કે ન તો કોઈ પરહેજ કર્યો હતો; બલ્કે જે વસ્તુ ઉધરસમાં ન ખાવી જોઈએ એવી વસ્તુ ખાધી, છતાં ઉધરસ દૂર થઈ ગઈ. આ પહેલાં લગભગ એક મહિના સુધી તેમની સારવાર ચાલી રહી હતી, પરંતુ ઉધરસ દૂર થતી નહોતી. તેથી આ ઘટના અલ્લાહ તઆલાના વિશેષ ઇલાહી હસ્તક્ષેપનું ઉદાહરણ છે. નિશ્ચિતપણે, સામાન્ય રીતે પરહેજ ન કરવાથી બીમારીઓ પણ થાય છે અને યોગ્ય સારવારથી આરોગ્ય પણ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે અલ્લાહ તઆલા ઇચ્છે છે ત્યારે તે પોતાના વિશેષ હસ્તક્ષેપ દ્વારા પરિસ્થિતિને બદલી પણ આપે છે.આ જ કારણસર અલ્લાહ તઆલાએ મનુષ્યને દુઆનું શસ્ત્ર શીખવ્યું છે, જેથી તે ખુદાની સામે જઈને કહે કે હું આઝાદી નથી ચાહતો હું મારી પરિસ્થિતિથી કંટાળી ગયો છું. આપ કૃપા કરીને મારા મામલાઓમાં હસ્તક્ષેપ કરો જ્યારે અલ્લાહ તઆલા જુએ છે કે તેનો બંદો સંપૂર્ણપણે તેના પર તવક્કુલ રાખે છે અને ઈચ્છે છે કે હું તેના મામલામાં હસ્તક્ષેપ કરું, ત્યારે તે તેના મામલામાં હસ્તક્ષેપ કરે છે. આ રીતે જ્યારે અલ્લાહ તઆલા પર સંપૂર્ણ તવક્કુલ કરવામાં આવે છે, આ વિષયના સંદર્ભમાં, ઇન્શાઅલ્લાહ, હું આગામી પ્રવચનમાં વર્ણન કરીશ.

ખુત્બા જુમ્માનાં અંતે હુઝૂર અનવર અય્યદહુલ્લાહુ તઆલાએ મુહતરમ અતા ઉર્રહમાન સાહિબ, પશ્ચિમ બંગાળ, ભારતનો ખૈરખ્વાહ ઉલ્લેખ ફરમાવ્યો. તેમનું થોડા દિવસ પહેલાં 76 વર્ષની વયે અવસાન થયું હતું. મરહૂમ મૂસી હતા. તેમના પાછળ પત્ની ઉપરાંત એક પુત્રી અને ત્રણ પુત્રો છે. તેમના એક પુત્ર મુફીઝુર રહમાન સાહિબ બોસ્નિયામાં જમાઅતના મુરબ્બી તરીકે સેવા આપી રહ્યા છે. બીજા પુત્ર શાહ નૂર સાહિબ ભારતમાં મુઅલ્લિમ તરીકે સેવા આપી રહ્યા છે અને એક જમાઈ સાબિર અલી સાહિબ પણ જમાઅતના મુરબ્બી છે. ત્યારબાદ હુઝૂર અનવરે બીજી મરહૂમા ખદીજા સિદ્દીકા સાહિબા, ઇન્ડોનેશિયાનો પણ ઉલ્લેખ ફરમાવ્યો. હુઝૂરે બંને મરહૂમો માટે મગફિરતની દુઆ ફરમાવી અને તેમની નમાઝે જનાઝા ગાએબ પઢાવવાની જાહેરાત કરી.

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔